# નર્મદા યોજનાની પ્રગતિની તવારીખ

- રાજ્યની આ ભૌગોલિક અને કુદરતી સમસ્યાનો ઉકેલ ગુજરાતના પનોતા પુત્ર અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે વર્ષો પહેલા જ વિચારી લીધો હતો,
- આઝાદી મળી તેના પણ પહેલા વર્ષ ૧૯૪૬માં વચગાળાની સરકારમાં જોડાતાની સાથે જ તેમણે આ સ્વપ્નને સાકાર કરવાનો વિચાર મુક્યો. અભ્યાસો અને ચર્ચા વિચારણા શરૂ થઇ.
- ૧૯૫૯માં આ યોજના માટે પ્રથમ વખત વિધિવત દરખાસ્ત થઇ.
- ૫ એપ્રિલ ૧૯૬૧ના રોજ નર્મદા બંધનો શિલાન્યાસ થયો પણ પાણીની વહેંચણી બાબતે ભાગીદાર રાજ્યો સાથે સંમતિ ના થઇ.
- ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચે નવેમ્બર ૧૯૬૩માં થયેલ ભોપાલ એગ્રીમેન્ટ અને સપ્ટેમ્બર ૧૯૬૪માં ડૉ.ખોસલા સમિતિની રચના જેવા પ્રયાસો પણ સફળ ના થતાં જુલાઇ ૧૯૬૮માં ગુજરાતે ઇન્ટર સ્ટેટ રીવર ડીસ્પ્યુટ એક્ટ હેઠળ ટ્રિબ્યુનલ રચવાની માંગણી કરી.
- ઓક્ટોબર ૧૯૬૯માં ટ્રિબ્યુનલની રચના થઈ અને એક દાયકા સુધી ભાગીદાર રાજ્યોની માંગણીઓ ઉપર સુનાવણી અને વિચારણા કરવામાં આવી.
- તે દરમ્યાન ૧૨ જુલાઈ ૧૯૭૪ના દિવસે ચારેય રાજ્યો, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાત વચ્ચે પાણીની કુલ ઉપલબ્ધતા વિષે સંમતિ થઈ.
- ૧૨ ડીસેમ્બર ૧૯૭૯ના રોજ ટ્રિબ્યુનલનો આખરી ચુકાદો ગેઝેટમાં પ્રસિધ્ધ થતાંની સાથે જ નર્મદા યોજના એ મૂર્તિમંત સ્વરૂપ લીધું.

- નર્મદા નદીમાં પાણીની કુલ ઉપલબ્ધતા ૨૮ મિલીયન એકર ફુટ આકારવામાં આવી જેની આધારિતતા ૭૫% છે એટલે કે સરેરાશ ચાર વર્ષમાંથી ત્રણ વર્ષ.
- ૧૯૮૭ની ૨૪ જૂનના રોજ યોજનાને મળી પર્યાવરણીય મંજુરી, અને ૧૯૮૮ ઓકટોબરમાં આયોજન પંચે યોજનાકીય ખર્ચ રોકાણની મંજુરી આપી.
- ૧૨૧૦ મીટર લાંબા અને પાયાથી ૧૬૩ મીટર ઊંચા આ કોક્રીટ ગ્રેવીટી ડેમના બાંધકામનો ઇજારો તો એપ્રિલ ૧૯૮૭માં અપાયો અને તે પણ ૧૧૦ મહીનાની સમય મર્યાદા સાથે એટલે કે, કામ જૂન ૧૯૯૬ સુધીમાં પૂર્ણ કરવાનું હતું.
- પરંતુ બંધની ઉંચાઇ ૮૦.૩ મીટર હતી ત્યારે યોજનાના વિરોધીઓએ કરેલ રીટ પીટીશનને કારણે નામદાર સર્વોચ્ચ અદાલતે આપ્યો સ્ટે ઓર્ડર..
- વળી ૧૯૯૮-૯૯માં અદાલતે મંજુરી આપતાં ઉંચાઇ ૮૫ મીટર સુધી પહોંચી.
- નામદાર સર્વોચ્ચ અદાલતે ૧૮ ઓકટોબર ૨૦૦૦ના સીમા ચિન્હરૂપ ચૂકાદામાં બંધની ઉંચાઇ વધારવાની મંજુરી તબકકાવાર મળે અને પુનર્વસન તથા પર્યાવરણીય પાસાઓંને ઘ્યાને લેવાય તેવી કાર્યપધ્ધતિ નકકી કરી.
- તે મુજબ વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં ઊંચાઇ ૯૦ મીટર સુધી પહોંચી.
- જુલાઈ ૨૦૦૨ માં બંધની ઉંચાઈ ૯૫ મીટર, જુલાઈ ૨૦૦૩માં ૧૦૦ મીટર અને ૩૦ જુન ૨૦૦૪ ના રોજ ૧૧૦.૬૪ મીટર સુધી પહોંચાડવામાં આવી.

- ડીસેમ્બર ૨૦૦૬માં બંધ ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈ
- ૧૨ જૂન ૨૦૧૪ના રોજ એટલે કે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યાના ૧૭મા દિવસે બંધને પૂર્ણ ઉંચાઈ સુધી લઈ જવાની તથા ખુલ્લા રાખવાની સ્થિતિમાં દરવાજાની લગાડવાની મંજુરી મળી. તે જ દિવસથી કામનો આરંભ કરી અવિરત ચાલુ રાખી નિયત સમય મર્યાદા કરતાં છ માસ વહેલું પૂર્ણ કરાયું.
- ૨૯ પિયર્સ પૂર્ણ ઊંચાઇ સુધી-૨૭/૧૦/૨૦૧૫
- બ્રિજના તમામ ૩૦ ગાળા પૂર્ણ- ૨૫/૧/૨૦૧૬
- ૩૦ દરવાજાઓની કામગીરી પૂર્ણ- ૧૦/૭/૨૦૧૬
- ૧૬ જુન ૨૦૧૭ના રોજ મુખ્ય બંધના દરવાજા બંધ કરવાની મંજૂરી
- ૧૭ જુન ૨૦૧૭ના રોજ મુખ્ય બંધના દરવાજા બંધ કરાયા
- સરદાર સરોવર બંધ - માનનીય વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે રાષ્ટ્રને અર્પણ ૧૭/૦૯/૨૦૧૭.